# સંવત ૨૦૭૩નું રાશિવાર ભવિષ્ય

સંયમ અને ધીરજ રાખવા ખૂબ જ જરૂરી છે. નિરાશ થવાય તેવા કાર્યોથી દૂર રહેવું. આરોગ્ય અંગેની અનેક તકલીફો ઉભી થાય. વડિલવર્ગને બિમારી અંગેની કાળજી રાખવી. ગુપ્ત સંબંધો દ્વારા વિશ્વાસઘાત થાય. અતિ અંગત કાર્યો બાબતે ગેરરસ્તે ન દોરવાઈ જવાય તેની કાળજી રાખવી.

વર્ષારંભે કેતુ તમારા આઠમા સ્થાને રહે છે. જે શારીરિક અનેક તકલીફોનો સામનો કરાવે. કાનૂની કે દસ્તાવેજ સંબંધી કાર્યમાં કોઈ મોટી ભૂલ ન થઈ જાય તેની કાળજી રાખવી. કોઈ મોટી બિમારી ઘર ન કરી જાય તેની કાળજી રાખવી. આ સમયની આર્થિક પ્રાપ્તિ જોખમી બનતી જણાય. અનૈતિક સંબંધો તમને લલચાવશે. અહી તમે તમારી આર્થિક સામાજિક મર્યાદાને ઓળખી લેશો.

તા. ૧૭-૦૮-૨૦૧૭થી રાહુ તમારી રાશિમાં આવશે. જે આર્થિક, આંતરિક તેમજ માનસિક અશાંતિ રાખે. ધાર્યા કાર્યોમાં અવરોધ-રૂકાવટો આવે. સાંસારિક ઉપાધિમાં વધારો થાય. ભાગીદારીના વ્યવસાયિકોને ભાગીદારી સાથે મનદુઃખ કે ભાગીદારી છૂટી જવાના યોગ બને. કૌટુંબિક ઘર્ષણ વધુ રહે અહીં તમે માનવીય બુદ્ધિથી પર એવી માયાવી લાલચમાં અટવાશો. બ્લડપ્રેશર કે ડાયાબિટીશ સંબંધી તકલીફો વાળાએ સંભાળવું. સત્યનું ભાન અને જ્ઞાન હોવા છતાં તમે તેની વિરુદ્ધ વર્તન કરશો. અંગત સંબંધીઓમાં પડેલી તિરાડને સાંધવાનો નિરર્થક પ્રયત્ન કરશો.

તા. ૧૭-૦૮-૨૦૧૭થી કેતુ તમારા સાતમે આવશે. જે આંતરિક-શારીરિક તકલીફો વધુ રાખે. આંતરિક-દામ્પત્યજીવન સંબંધી તકલીફો રહે. નાણાંકીય ખર્ચનું પ્રમાણ વધે. ભાગીદારીના વ્યવસાયિકોને મનદુઃખના પ્રસંગો બને. ગુપ્તદર્દ કે ગુપ્તાંગ સંબંધી તકલીફો સંભાળવું. કર્મ પ્રત્યે તમને અણગમો થાય. માન અપમાનને સાથે જીરવવા પડશે.

● સ્ત્રીઓ માટે : સ્ત્રીઓ માટે આ વર્ષ મધ્યમ પસાર થાય. આંતરિક-માનસિક તેમજ શારીરિક તકલીફોનો સામનો કરવો પડે. નોકરી કરતી સ્ત્રીઓને ઉપરી વર્ગ સાથે અણબનાવ રહે. પારિવારિક જવાબદારીમાં વધારો થાય. ગમ ખાઈ જતું કરવાની ભાવના રાખશો તો તકલીફો ઓછી ભોગવશો. આધ્યાત્મિક કાર્યો સારા થાય. પારિવારિક નુકસાન અંગે તમને નિમિત્ત બનાવાય. દસ્તાવેજ સંબંધી કાર્યોમાં સંભાળવું. અહીં તમે એક જવાબદાર વ્યક્તિ તરીકેની પીડા અનુભવશો.

● વિદ્યાર્થીઓ માટે : વિદ્યાર્થીઓ માટે આ વર્ષ મધ્યમ પસાર થાય. ઉચ્ચ ડિગ્રી પ્રાપ્તિ માટે તમારે વધુ મહેનત-પરિશ્રમની જરૂર જણાય. પેટ આંતરડા સંબંધી તકલીફો રહે. અભ્યાસ અર્થે વિદેશ જવાના તમારા પ્રયત્નો નિષ્ફળ જતા જણાય. આરોગ્ય અંગેના પ્રશ્નો અભ્યાસમાં આડખીલીરૂપ નિવડે. અમર્યાદિત પુરુષાર્થ સારું ફળ અપાવે. ભાગ્ય પર આધાર રાખવાની જરૂર નથી. કર્મ જ તમને ફળ અપાવશે. અહીં તમારી ઈચ્છાઓને કાબુમાં રાખવી જરૂરી બને.

## (૫) સિંહ રાશિ : (મ.ટ.)




વિ.સં. ૨૦૭૩ના વર્ષની શરૂઆતમાં ગુરુ તમારા બીજા ધનસ્થાને રહેતાં તા. ૧૨-૦૯-૨૦૧૭થી તમારા ત્રીજા પરાક્રમસ્થાને આવશે. શનિ વર્ષની શરૂઆતમાં શનિ તમારા ચોથા સુખસ્થાને રહે છે. અહીં તમારે અઢી વર્ષની નાની પનોતી તાંબાના પાયે ચાલશે. તા. ૨૬-૦૧-૨૦૧૭થી શનિ તમારા પાંચમા સ્થાને આવશે. વળી પાછો તા. ૨૦-૦૬-૨૦૧૭થી વક્રી શનિ તમારા ચોથા સ્થાને આવશે. અહીં તમારે અઢી વર્ષની નાની પનોતી રૂપાના પાયે ચાલશે. વર્ષારંભે રાહુ તમારી રાશિમાં અને કેતુ તમારા સાતમા સ્થાને રહેતાં તા. ૧૭-૦૮-૨૦૧૭થી રાહુ તમારા બારમા વ્યયસ્થાને અને કેતુ તમારા છઠ્ઠા રોગ-શત્રુ સ્થાને આવશે.

વર્ષની શરૂઆતમાં ગુરુ તમારા બીજા ધનસ્થાને રહે છે. જે કુટુંબવૃદ્ધિ તેમજ કૌટુંબિક ધનસંપત્તિના યોગ બનાવે. વડિલવર્ગ તરફથી વારસાકીય સંપત્તિ મળવાના યોગ બને. અંગત બચત અંગેના વિચારો સ્વતંત્ર બને. તમારો અહંકાર વધતો જણાય. તમે આગવું વ્યક્તિત્વ મેળવવાની ઝંખના કરશો. નવી યોજનાઓ તરફનું આકર્ષણ વધે. ગુરૂ સ્થાન હાનિકર્તા હોવાથી સંભાળવું. છેતરપીંડીના યોગ બને. તમે હારની બાજીને જીતમાં પલટાવવાના નિરર્થક પ્રયાસો કરશો. સટ્ટાકીય કાર્યો સિવાય આકસ્મિક લાભની શકયતા નકારી શકાતી નથી. વડિલવર્ગ સાથે મનદુઃખના પ્રસંગો બને. કુટુંબના સભ્યો સાથે અણબનાવ રહે.

તા. ૧૨-૦૯-૨૦૧૭થી ગુરૂ તમારા ત્રીજા પરાક્રમસ્થાને આવશે. અહીં તે મિશ્ર ફળદાયી ગણાય. ભાઈ-ભાંડુ સાથે મતભેદો રહે. પ્રગતિની અનેક તકો આવવા છતા તમે તે સંભાળી ન શકો. ભાગીદારી કે કોર્ટ કચેરી સંબંધિત કાર્યોથી લાભ થાય. ધાર્મિક કાર્યો સારા થાય. ભાઈ-ભાંડુ સાથેની આર્થિક યોજનાઓમાં નિરાશા મળે. સાહસિક કાર્યોથી લાભ થાય. ધાર્મિક કાર્યો સારા થાય. ભાઈ-ભાંડુ સાથેની આર્થિક યોજનાઓમાં નિરાશા મળે. સાહસિક કાર્યોથી સફળતા સારી મળે. અહીં તમે સફળતામાં નિષ્ફળતાની પીડાનો અનુભવ કરશો. હિત અહિતની દૃષ્ટિએ તમારી કસોટી થતી જણાય. ધાર્મિક લાંબી મુસાફરીના યોગ બને. શુભ માંગલિક કાર્યો થાય.

વર્ષની શરૂઆતમાં શનિ તમારા ચોથા સુખભાવે રહે છે. અહીં તમારે અઢી વર્ષની નાની પનોતી તાંબાના પાયે ચાલે છે. આર્થિક લાભની પ્રાપ્તિ થવા છતા આંતરિક-માનસિક અશાંતિ રહે. ગુનાહિત પ્રવૃત્તિના કર્તા ન બનાય તેની કાળજી રાખવી. નાણાં સંબંધી કાર્યોમાં વિશ્વાસઘાતના યોગ બને. નોકરીયાત વર્ગને ઉપરી વર્ગ તેમજ સહ કાર્યકરો સાથે અણબનાવ રહે. શેર-સટ્ટાકીય કાર્યો તેમજ કોઈ પણ મોટી લેવડ દેવડમાં સંભાળવું. કાનૂની કાર્યોમાં ફસાઈ ન જવાય તેની કાળજી રાખવી. મોસાળ પક્ષમાં મનદુઃખ થાય. સ્થાવર અંગેના કાર્યોમાં અવરોધ-રૂકાવટો આવે.

તા. ૨૬-૦૧-૨૦૧૭થી શનિ તમારા પાંચમાસ્થાને આવશે. સંતાન સાથે વિચારોમાં અલગતા રહે. મંદ પાચનશકિત સંબંધી તકલીફો રહે. પેટ આંતરડાને લગતી નાની મોટી તકલીફો રહે. તમારામાં સંજોગો સામે લડવાની શકિત ઓછી થતી જણાય. સટ્ટાકીય કાર્યોમાં સંભાળવું. નાણાંકીય નુકસાનના યોગ નિશ્ચિત છે. વધુ પડતાં આશાવાદી ન બનવું. અનેક મુશ્કેલીઓનો સામનો કરવો પડે. હિત અહિતની દૃષ્ટિએ તમારી કસોટી થતી જણાય. અસામાજિક કાર્યો કરનારથી સંભાળવું. તમે કર્મની નિષ્ફળતા દ્વારા જ્ઞાન મેળવશો કે અમુક કર્મો ફળદાયી નથી હોતા.

તા. ૨૦-૦૬-૨૦૧૭થી વક્રી શનિ પાછો તમારા ચોથા સુખભાવે આવશે. અહીં તમારે અઢી વર્ષની નાની પનોતી ચાંદીના પાયે ચાલશે. આર્થિક લાભ થવા છતાં આંતરિક-માનસિક અશાંતિ વધુ રહે. માતા સાથે મન દુઃખના પ્રસંગો બને. તમે ગમા-અણગમાની વિચારધારા અનુભશો. નોકરિયાત વર્ગને નોકરીમાં તકલીફો રહે. નાણાંકીય ગોટાળા જેવી ઘટના તમને હેરાન-પરેશાન કરી મૂકે. અંગત વ્યકિત સાથે મન દુઃખના પ્રસંગો બને. કોર્ટ કચેરી સંબધી કાર્યોમાં સંભાળવું. આવક પ્રાપ્તિ માટેના તમારા પ્રયત્નો નિષ્ફળ નિવડતા જણાય. અદૃશ્ય પ્રકારની કાર્યપદ્ધતિના તમે કર્તા બનશો.

રાહુ વર્ષની શરૂઆતમાં તમારી રાશિમાં રહે છે. જેથી આંતરિક-માનસિક તેમજ શારીરિક તકલીફો વધુ રહે. ભાગીદારીના વ્યવસાયિકોને આર્થિક નુકસાનના યોગ બને. કૌટુંબિક વિચારોમાં મતભેદો રહે. અંગત વ્યકિત દ્વારા છેતરપીંડી કે વિશ્વાસઘાતના યોગ બને. માનસિક ટેન્શનના કારણે મસ્તકપીડા કે મગજ પર ખોટી ગરમીની અસરો વધુ રહે. તમને વાસ્તવિક જીવનના વિષાદ અને નિરાશાનું ભાન થશે. આંતરિક-માનસિક તેમજ કૌટુંબિક તકલીફો રહે. ભાગીદારીના વ્યવસાયિકોએ સંભાળવું. ભાગીદારી છુટી જવાના યોગ બને.

કેતુ વર્ષની શરૂઆતમાં તમારા સાતમા સ્થાને રહે છે જે આંતરિક અશાંતિ રાખે. દાંમ્પત્યજીવન સંબંધી તકલીફો રહે. જીવનસાથી સાથે વિચારોમાં અલગતા રહે. અહીં તમને માનસિક તણાવ અને અણગમતા વાતાવરણમાં જીવવાની ફરજ પડશે. ભાગીદારીમાં અંદરો અંદર મનદુઃખના પ્રસંગો બને. તમારી માનસિક સહનશકિત ઓછી થતી જણાય. ગુપ્તદર્દ કે ગુપ્તાંગ સંબંધી તકલીફો રહે.


તા. ૧૭-૦૮-૨૦૧૭થી રાહુ તમારા બારમા વ્યયસ્થાને આવશે. જેથી આર્થિક નુકસાનના અનેક યોગો બને. માનહાનિ કે મનદુઃખના યોગ બને. સટ્ટાકીય કાર્યો કરનારને નિશ્ચિત નુકશાન થવાના યોગ બને. તમે તમારી જવાબદારી નિભાવવામાં પાછા પડતા જણાવ. જવાબદારી પૂર્ણ કરવા તમે નીત નવા ખેલ ખેલશો. નાણાં સંબંધી અનેક સમસ્યાઓ ઉભી થાય. અહીં તમને પોતાનામાં પારકા અને પારકામાં પોતાનાના દર્શન થશે. તમારા વ્યકિતત્વમાં પડતી તિરાડનું ભાન થશે. ધીરધારનો ધંધો કરનારે સાવચેતી રાખવી. અંગત જીવનમાં મનદુઃખના પ્રસંગો બને. નાણાં ફસાઈ જવાના યોગ બને. આર્થિક તેમજ શારીરિક તકલીફો વધે. કંઈક મેળવવા જતા ઘણું બધું ગુમાવવું પડે.

તા. ૧૭-૦૮-૨૦૧૭થી કેતુ તમારા છઠ્ઠા રોગ-શત્રુ સ્થાને આવશે. જે શારીરિક નાની મોટી તકલીફો રાખે, નોકરીયાત વર્ગને અણધારી મુશ્કેલીઓનો સામનો કરવો પડે. પેટ આંતરડા તેમજ કફ કે વાયુ સંબંધી તકલીફો રહે. નોકરિયાત વર્ગને ઉપરીવર્ગ તેમજ સહકાર્યકરો સાથે અણબનાવ રહે. મોસાળ પક્ષમાં મતભેદો રહે.અણધાર્યા ધનલાભો થાય.

● સ્ત્રીઓ માટે : સ્ત્રીઓ માટે આ વર્ષ મધ્યમ પસાર થાય. કૌટુંબિક તકલીફો કે મનદુઃખના પ્રસંગો બને. આંતરિક જીવનમાં અશાંતિ રહે. નોકરી કરતી સ્ત્રીઓને ઉપરી વર્ગ સાથે અણબનાવ રહે. ગમ ખાઈ જતું કરવાની ભાવના રાખશો તો ઉપાધિ ઓછી કરશો. સાંસારિક ઉપાધિઓ વધે. આર્થિક ઉતાર-ચઢાવ વધુ રહે. લખાણ કે દસ્તાવેજી કાર્યોમાં સંભાળવું. પારિવારિક નુકસાનના યોગ બને. કર્મની નિષ્ફળતાનો અનુભવ કરશો. સ્થાવર અંગેના પ્રશ્ને અવરોધો આવે. પરિવાર સંબંધી નાણાંકીય વ્યવહારમાં સતર્ક રહેવું.

● વિદ્યાર્થીઓ માટે : વિદ્યાર્થીઓ માટે આ વર્ષ મધ્યમ પસાર થાય. ઉચ્ચ ડિગ્રી પ્રાપ્તિ માટેના તમારા પ્રયત્નો ઓછા પડતા જણાય. પરિશ્રમનું ફળ વિલંબ બાદ મળતું જણાય. મિત્ર વર્ગની ખોટી દોરવણીથી દોરવાઈ ન જવાય તેની કાળજી રાખવી. ઈચ્છાઓને પ્રયત્નપૂર્વક કાબુમાં રખશો તો સારી સફળતા મેળવશો અભ્યાસ અર્થે વિદેશ જવાની તમારી ઈચ્છા પૂર્ણ થતી જણાય.

## (૬) કન્યા રાશિ : (પ.ઠ.ણ.)




વિ.સં. ૨૦૭૩ના વર્ષની શરૂઆતમાં ગુરુ તમારી રાશિમાં રહેતાં તા. ૧૨-૦૯-૨૦૧૭થી તમારા બીજા ધનસ્થાને આવશે. વર્ષારંભે શનિ તમારા ત્રીજા પરાક્રમસ્થાને રહેતાં તા. ૨૬-૧-૧૭થી તમારા ચોથા સુખભાવે આવશે. અહીં તમારે અઢી વર્ષની નાની પનોતી તાંબાના પાયે ચાલશે. પાછો વક્રી થઈ તા. ૨૦-૬-૧૭થી તમારા ત્રીજા પરાક્રમ સ્થાને આવશે. રાહુ વર્ષારંભે તમારા વ્યયસ્થાને અને કેતુ છઠ્ઠા સ્થાને રહેતાં તા. ૧૭-૮-૨૦૧૭થી રાહુ તમારા લાભભાવ અને કેતુ પાંચમે આવશે.

વર્ષારંભે ગુરુ તમારી રાશિમાં રહે છે. આર્થિક-સામાજિક જવાબદારીમાં વધારો થાય. ધાર્મિક મુસાફરીના યોગ સારા બને. જરૂરિયાતોને પૂર્ણ કરવા અથાગ મહેનત-પરિશ્રમની જરૂર જણાય. તમારી મહત્વાકાંક્ષા તેમજ ભાગ્યોદયમાં વૃદ્ધિ થાય. ભાગ્યની આડે અંધકાર છવાઈ ગયાનો અનુભવ થાય. આંતરિક જીવનની સમસ્યાનો ઉકેલ આવે. આધ્યાત્મિક કાર્યો સારા થાય. સ્થાવર અંગેના પ્રશ્નોમાં વિઘ્નો આવે. સંતાનોને સફળતા સારી મળે. વાસ્તવિક જગતના વિષાદ અને નિરાશાને ભૂલી જીવન જીવશો. અણગમતા વાતાવરણમાં જીવવાની ફરજ પડશે. સામાજિક કાર્યોમાં પ્રગતિ થાય. આધ્યાત્મિક વિચારધારામાં આગળ વધશો. ભાગ્યવૃદ્ધિના યોગ સારા બને.

તા. ૧૨-૦૯-૨૦૧૭થી ગુરૂ તમારા બીજા ધનસ્થાને આવશે. કુટુંબવૃદ્ધિના યોગ બને. કૌટુંબિક ધનસંપત્તિના યોગ બને. વડિલવર્ગ સાથે મનદુઃખના પ્રસંગો બને. અનેક પ્રકારની ચિંતા રહ્યા કરે. કાનૂની મુશ્કેલીમાં ફસાઈ ન જવાય તેની કાળજી રાખવી. સામાજિક મર્યાદાઓને સમજશો તો પીડા ઓછી અનુભવશો. પરિવારના સભ્યો સાથે સંભાળવું. વિવેક મર્યાદાનું ભાન રાખવું જરૂરી બને. પારિવારિક જવાબદારી અને નાણાંકીય ચિંતા બાબતે તમે ગૂંગળામણ અનુભવશો. વડિલવર્ગ તરફથી આર્થિક સહાય સારી મળે. પરિવારના સભ્યો સ્વતંત્રતાના આગ્રહી બને. મોટી યાત્રા મુસાફરીના યોગ બને. વડિલવર્ગ સાથે મતભેદોના કારણે શારીરિક તકલીફો આવે.

શનિ વર્ષની શરૂઆતમાં તમારા ત્રીજા પરાક્રમ સ્થાને રહે છે. જે સાહસિક કાર્યો સારા કરાવે. સ્થાન પ્રાપ્તિ માટેના તમારા પ્રયત્નો સફળ થતાં જણાય. વડિલવર્ગ તરફથી લાભ થાય. ભાઈ ભાંડુ સાથે મતભેદો કે મનદુઃખના પ્રસંગો બને.તમારા પુરુષાર્થનું ફળ બીજાને મળતું જણાય. આત્મવિશ્વાસના બળે તમે તમારા આયોજનને વળગી રહેશો. તમારી બુદ્ધિ અને માનસિક શકિત તમને જુદી જુદી પ્રેરણા આપશે. કર્મને પૂર્ણ કરવા તમારે વધુ મહેનત કરવાની જરૂર પડે. પુરુષાર્થમાં જે ફળની આશા તમે રાખી શકશો. લખાણ કે દસ્તાવેજ સંબંધી કાર્યોથી લાભ થાય. આર્થિક વ્યવસાયિક સફળતા માટે તમારે દૃઢ પ્રારબ્ધ ભોગવવું પડશે. સ્થાવર અંગેના કાર્યોમાં સંભાળવું.

તા. ૨૬-૦૧-૨૦૧૭થી શનિ તમારા ચોથા સુખસ્થાને આવશે. અહીં તમારે અઢી વર્ષની નાની પનોતી તાંબાના પાયે ચાલશે. જે આંતરિક-માનસિક અશાંતિ રખાવે. આર્થિક લાભ થવા છતાં તમે આર્થિક પ્રાપ્તિનો અનુભવ ન કરી શકો. નાણાંકીય બાબતે વિશ્વાસઘાતના યોગ બને. નોકરિયાત વર્ગને ઉપરી વર્ગ સાથે અણબનાવ રહે. સટ્ટાકીય કાર્યો તેમજ કોઈ પણ મોટી લેવડ દેવડમાં સંભાળવું. આર્થિક લાભની પ્રાપ્તિ માટે ગુનાહિત પ્રવૃત્તિના કર્તા ન બનાય તેની કાળજી રાખવી. સ્થાવર અંગેના કાર્યોમાં અવરોધો આવે. તમારા વ્યકિતત્વમાં પરિવર્તનનો ભાસ થાય. નોકરિયાત વર્ગને સહ કાર્યકરો સાથે મનદુઃખના પ્રસંગો બને.

તા. ૨૦-૦૬-૨૦૧૭થી પાછો વક્રી શનિ તમારા ત્રીજા સ્થાનમાં આવશે. જે સાહસ પરક્રમમાં વધારો કરે. મહેનત-પરિશ્રમનું ફળ નહીવત મળતું જણાય. ભાઈ ભાંડુ સાથે મતભેદો કે મનદુઃખના પ્રસંગો બને. તમારો પુરુષાર્થ માનસિક સ્થિતિ તેમજ તમારી બુદ્ધિ તમને જુદી જુદી પ્રેરણા આપશે અહીં તમારા ગમા અણગમાનું વિસર્જન થતું જણાશે. આર્થિક પ્રગતિ થવા છતાં તમે આર્થિક લાભ જોઈ નહીં શકો. નાણાં સંબંધી ખર્ચમાં વધારો થાય. વડિલ વર્ગ તરફથી લાભની આશા નકારી શકાતી નથી. આ સમયનું ગુમાવવું તમને ગમશે નહીં. જવાબદારીના ભાન અને જ્ઞાનથી તમે મુકત નહીં થઈ શકો. પારિવારિક કર્મનો બોજો વધતો જણાય. ગેરકાનુની કાર્યોમાં ફસાઈ ન જવાય તેની કાળજી રાખવી. ભાઈ ભાંડુ સાથેના વિખવાદ મોટું સ્વરૂપ લઈ લે. વાણીનો ઉપયોગ કાળજીપૂર્વક કરવો.

રાહુ વર્ષારંભે તમારા બારમા વ્યયસ્થાને રહે છે. જે આંતરિક તેમજ આર્થિક નુકસાનના યોગ બનાવે. સટ્ટાકીય કાર્યોમાં કાળજી રાખવી. જીવનની બાજી જીતવા તમે અવનવા ખેલ ખેલશો. અંગત જવાબદારી નિભાવવી કઠિન પડે. સત્યનું ભાન થતા જ્ઞાન હોવા છતાં તમારે તેની વિરુદ્ધ આચરણ કરવું પડે. જીવન પ્રત્યેનો તમારો મોહ તીવ્ર બનતો જણાય. અંગત એવી એક ઘટના તમને આંચકો આપે. જોખમી કર્મબંધનમાં બંધાવાની લાંબાગાળાની યોજના તૈયાર કરશો. સામાજિક પ્રતિષ્ઠામાં ઘટાડો થાય. તમારી આકાંક્ષાઓને સિદ્ધ કરવા માટે તમારે મોહનિદ્રામાંથી જાગ્રત થવું પડશે.

કેતુ વર્ષારંભે તમાર છઠ્ઠા સ્થાને રહે છે. અહીં તમારે શારીરિક નાની મોટી તકલીફો રહે. પેટ આંતરડા સંબંધી નાની મોટી તકલીફો રહે. નોકર ચાકર સંબંધી તકલીફો રહે. આરોગ્ય સંબંધી નિર્ણય તમારે બદલવો પડશે. અંગત વ્યકિત તરફથી છેતરપીંડીના ભોગ ન બનાય તેની કાળજી રાખવી, નોકરિયાત વર્ગને સહકાર્યકરો સાથે અણબનાવ રહે. પુરુષાર્થ બાબતે નિષ્ફળતા મેળવશો. મોસાળપક્ષ સંબંધી તકલીફો રહે. ધાર્મિક આડંબરો વધે. નોકરીયાત વર્ગને અણધારી મુશ્કેલીનો સામનો કરવો પડે.

તા. ૧૮-૦૭-૨૦૧૭થી રાહુ તમારા અગિયારમા લાભભાવે આવશે. જે અહીં બળવાન બને છે. આર્થિક પ્રગતિના અનેક ચાન્સ આવે. ધંધા વ્યવસાયિક પ્રગતિની તકો આવે. લાંબા સમયની આર્થિક સમસ્યાનો ઉકેલ આવે. સંઘર્ષ અને અસ્થિરતા સાથે આર્થિક લાભા સારા મેળવશો. નફાની આશામાં કરેલ મોટા મુડીરોકાણમાં ફસાઈ ન જવાય તેની કાળજી રાખવી. સામાજિક પ્રતિષ્ઠામાં વધારો થાય. ભૌતિક સમૃદ્ધિમાં વધારો થાય. અણધાર્યા ધન પ્રાપ્તિના યોગ બને. યાત્રા મુસાફરી લાભદાયી નિવડે. અહીં તમારા પુરુષાર્થનું હકારાત્મક ફળ મળશે.

તા. ૧૭-૦૮-૧૭થી કેતુ તમારા પાંચમા સ્થાને આવશે. જે શારીરિક તકલીફો લાવે. પેટ આંતરડા સંબંધી શસ્ત્રક્રિયાના યોગ બને. સંતાન સાથે વિચારોમાં અલગતા રહે. આર્થિક નુકસાનના અનેક યોગો બને. વ્યકિતગત નુકસાનના કારણે નાસીપાસ થશો. તમારી વૃત્તિમાં સ્વાર્થ ઉમેરાશે. કોઈ પણ આર્થિક વ્યવહારમાં સાવચેતી રાખવી, તમારી અગાઉની બચતમાં ઘટાડો થતો જણાય. ધનલાભની આશા કયારે નિરાશા આપે તે કહેવાય નહીં.

● સ્ત્રીઓ માટે : સ્ત્રીઓ માટે આ વર્ષ મિશ્ર ફળદાયી ગણાય. આંતરિક-શારીરિક તકલીફો રહે. સંતાન સાથે વૈચારિક મતભેદો રહે. નોકરી કરતી સ્ત્રીઓને ઉપરી વર્ગ સાથે મતભેદો રહે. પુરુષાર્થના પરિણામની બહુ લાંબી રાહ જોવી પડશે. આવક વધારવા વધુ તકલીફોનો સામનો કરવો પડે. ગમ ખાઈ જતું કરવાની ભાવના રાખશો તો તકલીફો ઓછી પડશે. આર્થિક ઉતાર ચઢાવ વધુ રહે. સાંસારિક ઉપાધિમાં વધારો થાય. સ્થાવરના પ્રશ્ને વિઘ્નો રૂકાવટો આવે. નાણા સંબંધી પારિવારિક વ્યવહાર ખૂબ જ સતર્ક રહીને કરવો.

● વિદ્યાર્થીઓ માટે : વિદ્યાર્થીઓ માટે આ વર્ષ મધ્યમ પસાર થાય. અહીં તમારી પૂર્ણ સફળતાની આશા નિષ્ફળતાનો આંચકો આપી જાય તો નવાઈ નહીં. તમારામાં આળસ બેચેનીનો વધારો થાય. તમારી દૃઢતાના પાયા હચમચશે. તમે અહીં હિત અહિતનો વિચાર કરતા થઈ જશો. મહેનત

અમારા માનવંતા ગ્રાહકો, મિત્રો, શુભેચ્છકો તેમજ સ્નેહીજનોને નવા વર્ષની શુભકામના સહ - નૂતન વર્ષાભિનંદન
24"x50" સુધીની કલર એન્લાર્જમેન્ટ અરજન્ટ મેળવો
અરજન્ટ કલર પાસપોર્ટ ફોટા માત્ર ૧૦ મીનીટમાં મેળવો
પાયલ સ્ટુડીયો
જાની બ્રધર્સ - ફોટો જર્નાલીસ્ટ
માનનીય રાજ્યપાલશ્રીના પર્સનલ ફોટોગ્રાફર - વિડિયોગ્રાફર ફોટોજર્નાલીસ્ટ - ગાંધીનગર સમાચાર
ફોટોગ્રાફી / વિડિયોગ્રાફી
● બર્થ-ડે ● એંગેજમેન્ટ ● મેરેજ
● સેમિનાર ● વર્કશોપ ● જાહેર કાર્યક્રમો
મીડીયા પરથી કોલાજ પ્રિન્ટ, બાળકોની ચીલ્ડ્રન ફ્રેમીંગ, ફેમીલી તથા કપલ ફોટા એન્લાર્જ તથા ફેન્સી ગ્લાસ ફ્રેમમાં કરાવો.
● Candid Photography
● હાઈડેફીનેશન વીડીયોગ્રાફી તથા લાઈવટેલીકાસ્ટ ઓન LED સ્ક્રીન વીથ જીમી કેમેરા માટે મળો.
● એબ્રોડ (પરદેશ)માં લાઈવ ટેલીકાસ્ટ માટે મળો
PCL Payal Color Lab
પાયલ કલર લેબ
ઘ-૪॥, પંજાબ નેશનલ બેંકની પાછળ,ભોયરામાં, સેક્ટર-૧૬, ગાંધીનગર. ફોન : ૨૩૨ ૩૦૬૫૨
Email : payalcolorlab@gmail.com

ગાંધીનગરના વસાહતી ભાઈ-બહેનોને નવા વર્ષના
નૂતન વર્ષાભિનંદન
આપના પ્રશ્નોને વાચા આપવા માટે રાજ્યાની વસાહત સેવા મંડળ આપની સાથે છે.
પ્રમુખ: રજુજી બી. ગોલ
મહામંત્રી: બાબુલાલ જે. સુથાર
ઉપપ્રમુખ: લાલુભા વાઘેલા, તેજાભાઈ દેસાઈ
મંત્રી: દશરથસિંહ ચૌહાણ
રાજધાની વસાહત સેવા મંડળ
ગાંધીનગર

નવું વર્ષ આપ સર્વના જીવનમાં સુવર્ણ ઉજાસ પ્રસરાવે
તેવી શુભકામનાઓ સહ
નૂતન વર્ષાભિનંદન
ગુજરાતી, પંજાબી, ચાઈનીઝ, મેક્સિકન અને ઇટાલિયન ફૂડ મળશે
Savoury (GUJ) Restaurant & Benquet
શોપ નં. ૧૦૮થી ૧૧૭ અને ૧૨૨, અટ્રીયા બિઝનેસ હબ કોમ્પલેક્ષ,
સરગાસણ ચાર રસ્તા, ખ-૦ સર્કલ ક્રોસ રોડ, ગાંધીનગર - ૩૮૨૩૦૬
મો. ૯૫૭૪૯ ૭૮૭૩૬

નૂતન વર્ષાભિનંદન...
ગાંધીનગર જિલ્લામાં વસતા તમામ રાજપૂત સમાજના ભાઈઓ, બહેનો તથા યુવાનોને શ્રી ગાંધીનગર જિલ્લા રાજપૂત સમાજ સેવા ટ્રસ્ટ તરફથી સર્વેને નૂતન વર્ષાભિનંદન સહ નવું વર્ષ આપને તથા આપના પરિવારને સર્વે પ્રકારે સુખમય, પ્રગતિમય, અને સમૃદ્ધિદાયક નિવડે એવી અભ્યર્થના સહ...
શ્રી ગાંધીનગર જિલ્લા રાજપૂત સમાજ સેવા ટ્રસ્ટ
વિક્રમસિંહ સરદારસિંહ ગોલ - પ્રમુખ
મહેન્દ્રસિંહ અસરસિંહ વાઘેલા - મહામંત્રી
નટવરસિંહ માધુસિંહ વાઘેલા - કાર્યકારી પ્રમુખ
રતનસિંહ મનુભા વાઘેલા - અધ્યક્ષ, લગ્ન સમિતિ
બાબુભા ગેમરસિંહ ચૌહાણ - ઉપપ્રમુખ
જશુજી પરમાર - મંત્રી, કાર્યકારી અધ્યક્ષ, લગ્ન સમિતિ, તાલુકા પંચાયત સદસ્ય, રાંધેજા
શ્રી ગાંધીનગર જિલ્લા રાજપૂત સમાજ સેવા ટ્રસ્ટ, ગાંધીનગર

સર્વ સભાસદ, મિત્રો, શુભેચ્છકોને નવા વર્ષના નૂતન વર્ષાભિનંદન...
જિલ્લામાં સહકારી શિક્ષણ, પ્રચાર અને સંગઠનનું કામકાજ કરતી એક માત્ર જિલ્લા મધ્યસ્થ સહકારીસંસ્થા
ગાંધીનગર જિલ્લા સહકારી સંઘ
બી-૩, સિવિલ હોસ્પિટલ કમ્પાઉન્ડ, પથિકાશ્રમ સામે,
સેક્ટર-૧૨, ગાંધીનગર - ૩૮૨૦૧૬, ફોન નં. : ૨૩૨-૨૨૨૬૧
રજી. નં. સા. ૨૧૦૩ — સ્થાપના તા. ૨૬-૧૨-૧૯૭૮
સભાસદ સંખ્યા તા. ૩૧-૦૩-૨૦૧૪

| મંડળી આજીવન સભાસદ | વ્યક્તિ આજીવન સભાસદ | કુલ સભાસદો |
|---|---|---|
| ૫૯૨ | ૧૫૭ | ૭૪૯ |

કોદરભાઈ આર. પટેલ (અધ્યક્ષ)
બેચરભાઈ જી. ચૌધરી (માનદ્મંત્રી)
વિનોદચંદ્ર એચ. પટેલ (ઉપાધ્યક્ષ)
નવિનચંદ્ર જે. પટેલ (માનદ્મંત્રી)
વિસાભાઈ સી. પટેલ (એક્ઝી. ઓફિસર)

| | |
|---|---|
| શ્રી લાલભાઈ જી. પટેલ | ડીરેક્ટર |
| શ્રી અશોકકુમાર આર. પટેલ | ડીરેક્ટર |
| શ્રી પરેશભાઈ આર. પટેલ | ડીરેક્ટર |
| શ્રી સુરેશભાઈ વી. પટેલ | ડીરેક્ટર |
| શ્રી દશરથભાઈ એન. પટેલ | ડીરેક્ટર |
| શ્રી મનુભા એફ. રાણા | ડીરેક્ટર |
| શ્રી પ્રકાશભાઈ સી. પટેલ | ડીરેક્ટર |
| શ્રી અંબાલાલ એસ. ઠાકોર | ડીરેક્ટર |
| શ્રી મનુભાઈ બી. પટેલ | ડીરેક્ટર |
| શ્રી માધાભાઈ ડી. ચૌધરી | ડીરેક્ટર |
| શ્રી ભાવેશભાઈ એન. પટેલ | ડીરેક્ટર |
| શ્રી રાજેન્દ્રકુમાર આર. શાહ | ડીરેક્ટર |
| શ્રી નટવરલાલ પી. પટેલ | ડીરેક્ટર |

ડિસ્ટ્રીક્ટ રજીસ્ટ્રારશ્રી સ.મં. ગાંધીનગર - સરકારી પ્રતિનિધિ

નૂતન વર્ષાભિનંદન...
પંકજસિંહ પ્રવીણસિંહ વાઘેલા
વિજય ઓટો મોબાઈલ્સ
हिन्दुस्तान पेट्रोलियम HP — CLUB HP Achcha lagta hai
ડીલર : હિન્દુસ્તાન પેટ્રોલિયન કોર્પોરેશન
વિક્રેતા : સી.એન.જી. ગેસ
તમામ ક્રેડીટ કાર્ડ સ્વીકાર્ય
પ્લોટ નં. ૧૨, 'ચ' માર્ગ, સેક્ટર-૧૧, ગાંધીનગર-૧૧
ફોન નં. : ૨૩૨ ૩૦૬૭૫, મો. ૯૮૨૫૨ ૨૦૯૭૫